# ज्ञानधर्मकृत
# दामन्नककुलपुत्रक रास

– **कल्पना के. शेठ**

प्रास्ताविक :

प्राचीन समयथी मानवने कथा के वार्तामां रस रह्यो छे. आना परिणामरूपे विश्वमां भिन्न भिन्न देश, भाषा, समाज अने संस्कृतिना आरंभना समयथी ज कथा के वार्ता लखाती आवी छे. भारतमां छेक ऋग्वेदथी शरू करीने ब्राह्मण, आरण्यक अने उपनिषद्काल सुधी आवुं साहित्य लखायेलुं मळी आवे छे. संस्कृत–प्राकृत साहित्यमां तो 'बृहत्कथा', 'वसुदेवहिंडी', 'बृहत्कथाश्लोकसंग्रह', 'कथासत् सागर', बृहत्कथामंजरी', 'वैतालपंचविशति', 'पंचतंत्र', 'हितोपदेश' इत्यादि अनेक कथासंग्रहो मळी आवे छे.

प्राचीन अने मध्यकालीन गुजराती साहित्य पण आ वारसो साचवे छे. एना फळस्वरूपे इ.स.नी बारमी सदीथी आरंभीने आज सुधी आवी अनेक कथाओ जैन अने जैनेतर कविओ वडे लखाइ छे. अत्रे आवा कथा साहित्यनी एक लघु कृति **'ज्ञानधर्मकृत–दामन्नककुलपुत्रकरास'** संपादित करीने आपवामां आवे छे.

रास साहित्य ए समग्र प्राचीन गुजराती साहित्यनो एक प्रकार छे. प्राचीन मध्यकालीन गुजराती साहित्यनो घणो मोटो भाग 'रास' नामे ओळखाती रचनाए रोकेलो छे. रास प्रकार ए अपभ्रंशभाषानो गुजराती भाषाने मळेलो वारसो छे. सामान्य रीते रास साहित्य १२मा सैकाथी १८मा सैका सुधीना गाळामां विशेषपणे मळी आवे छे. प्राचीन मध्यकालीन गुजरातीमांथी मळी आवतुं रास साहित्य अत्यंत विशाळ छे, अने भाषा विकासनी दृष्टिए, इतिहासनी दृष्टिए तेमज साहित्य स्वरूपनी दृष्टिए तेनुं घणुं ज महत्व छे. रासनां एकथी वधु प्रकारो हतां. रास गेय हता अने नृत्यमां पण तेनो उपयोग थतो हतो.

आवा अनेक रासोमांना महद् अंशे रासो हजी अप्रगट अने हस्तप्रत स्वरूपे ग्रंथभंडारोमां सचवायेलां मळी आवे छे. अत्रे एवा एक अद्ययावत् अप्रकाशित ज्ञानधर्मकृत 'दामन्नककुलपुत्रक रास'ने संपादित करी प्रस्तुत कर्यो छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# प्रतवर्णन अने संपादन पद्धति

उपर जणावेल कृतिनुं संपादन लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर, अमदावादना मुनि पुण्यविजयना हस्तप्रत भंडारमांथी प्राप्त एक मात्र प्रत परथी करेल छे.

आ प्रतनो क्रमांक ३८०९ छे. प्रतमां कुल्ले चार पत्र छे. पत्रनुं कद २६.० x ११.५ से.मी छे. पत्रनी बन्ने बाजु २.५ से.मी. नो हांसियो छे. प्रत्येक पाना पर १७ पंक्ति छे. कुल्ले १३६ कडीओ छे. पातळा कागळनी आ प्रत देवनागरी लिपिमां काळी शाहीथी ग्रंथकारे पोते लखेली – स्वहस्ताक्षर प्रति छे. पाठ सुधारेलां छे. पत्रनो क्रमांक जमणी बाजुए हांसिया मां दर्शाव्यो छे.

आरंभमां भले मींडु कर्या पछी कृतिनो प्रारंभ करेलो छे. अने अंतमां 'इति दामन्नककुलपुत्रकसंबंधोयं' एम लखेलुं छे. प्रतनो लेखन सवंत् मळ्यो नथी. पण रचना संवत 'सत्तरइ सइ पइत्रीस समइ' अर्थात् १७३५ मळे छे अने स्वहस्ताक्षर प्रत होवाथी तेज समय लेखननो होवानुं अनुमान करी शकाय.

एक मात्र मळेल प्रत परथी प्रस्तुत कृतिनुं संपादन कर्युं छे तेथी प्रतनो पाठ ग्रंथपाठ तरीके लीधो छे. क्वचित् लेखनमां थयेल दोष सुधार्यो छे.

**काव्यना कर्ता : ज्ञानधर्म**

काव्यना कर्ता के कविनाम के गुरुपरंपरा विषे काव्यना अंतिम भागमां
श्रीखरतरगच्छ दिनकरु ए , युगवर **श्रीजिनचंद्र** वि०
रीहड वंसई परगडउ ए , जिणै प्रतबोध्या **नरेंद्र**
१२८ वि०

तासु सीस **मतिसर** गुरु ए , पुण्य प्रधान उवझाय वि०
तासु सीस **सुमतिसागर** भला ए , पाठक पंडितराय
१२९ वि०

**साधुरंग** वाचकवरु ए , सकल शास्त्र प्रवीण वि०
तासु सीस जगि जाणीय ए , पाठक **श्रीराजसार**
१३० वि०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तासु सीस ईण परि भणई , **ज्ञानधंरम** हितकार वि०
सत्तरई सई पईत्रीस समइ , विजयदशमि रविवार
१३१ वि०

शांतिनाथ सुप्रसादथीए , रचीयउ ए अधिकार वि०
राजई **धर्मसुरिंद** नइए , रचीया **खंभात** मझार
१३२ वि०

मळता उल्लेख परथी कृतिना कवि खरतरगच्छना युगवर श्रीजिनचंद्रनी परंपराना पाठक राजसारना शिष्य ज्ञानधर्म छे. कृतिमां प्राप्त उल्लेख परथी आ काव्य रचना सवंत १७३५(इ.स. १६७९)मां खंभातमां थइ छे एम कही शकाय. आ कृति सिवाय ज्ञानधर्मे अन्य कोइ कृति रची होवाना उल्लेख मळ्या नथी.[१]

**काव्यनो बंध**

एकसो छत्रीस (१३६) कडीना आ काव्यनो पद्यबंध मुख्यत्वे दुहा-चोपाई अने देशीओनो छे. कविनुं शब्द प्रभुत्व मध्यम कोटिनुं छे. प्रास प्रमाणमां ठीक सारा मळे छे.

---

१. जैन गूर्जर कविओ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# राजसारशिष्यज्ञानधर्मकृत
# दामन्नककुलपुत्ररास

स्वस्ति श्री मंगलकरण , प्रणमी पास जिणंद
श्रुतदेवी सद्गुरु नमुं , टालई भव-दुख-फंद. ॥१

श्रीजिनवर ईम उपदेशई , मनवंछित दातार,
धरमामाहि प्रधान छई , विरतिधरम श्रीकार. ॥२

तिणि उपरि दृष्टांत , ए सुणज्यो चतुरसुजाण ,
कुलपुत्रक दामन्नकई , जिम कीधउ पचक्खाण. ॥३

तासुं कथा हु वर्णवुं , सांभलिज्यो सहु कोय ,
पाप-तिमर दूरइ हरइ , दिनकर-कर जिम सोय. ॥४

### ढाल-१ चउपइनी

जंबुद्वीप एहिज विख्यात , दक्षिण दिशा तिहां भरत कहात,
गजपुर नामई नगर उदार , ऋद्धि तणउ जिहां को नही पार. ॥५

सुनंद तिहां कुलपुत्रक एक , वसइ विचक्षण अति सुविवेक
भद्रक नइ सुविनित प्रवीण , सकल गुणे संपन्न न हीण. ॥६

जिनदासक श्रावक छई तसुमित्र , धर्म-बुद्धि करि गात्र पवित्र ,
जिनधर्मी गुरुभक्त दयाल , त्यागी भोगी नइ चउसाल. ॥७

ते बेहुनइ अधिक सनेह , चित्त एक जूजइ देह ,
दंभरहित ते पालइ प्रीति , उत्तम-कुलनी एहि ज रीत. ॥८

इण अवसरि उद्यान मझार , समवसर्या गिरूआ गणधार ,
धर्मधोष नामई गुणवंत , ज्ञान क्रिया सोभित उपशांत. ॥९

दशविध साधु धरम जे धरई , सर्व जीवनी रक्षा करई ,
क्रोधादिक कीधा सहु दुर , सतरभेद संयम भरपुर. ॥१०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मनशुद्ध भावना भावई बार , छंडई पातक भेद अढार ,
तप जप करि साधई शिव-पंथ , निरमम निरहंकार निग्रंथ. ॥११

मधुकरनी परि ल्यई आहार , दोष लिगावइ नहीय लिगार ,
साधुधरम सुधा प्रतिपाल , जिण वांद्या जायइ जंजाल. ॥१२

एहवा देखी नयणे साध , ते पाम्या बे हरख अगाध ,
चालउ ए मुनीवर वंदीयइ , सुधउ समकित लहीस्युं हीयइ. ॥१३

## दूहा

देखीनइ आव्या तिहां देइ प्रदक्षिण तीन ,
चरण-कमल प्रणमी करी , ध्यान धरइ लयलीन. ॥१४

उचित ठाम जोइ करी ,. बइठा सनमुख आवि ,
धरम-मारग काइ उपदिशउ , गुरजी इण प्रस्तावि. ॥१५

## ढाल-२

(आप सवारथ जग सहरे , एहनी)

उपदेश भाखइ साधुजी , करउ मांसनउ परिहार ,
जीवां तणउ ए पिंड छइ , ए भाख्यउ रे भगवंत विचार. ॥१६

सांभलउ भवियण हित भणी रे , ए तउ विरूपउरे रसनउ अभिलाख
ए सेव्यइ जीव दुख लहइ रे , एम बोलइरे गुरु सूत्रनी शाख. ॥१७

## ढाल-३

(सांभलउ भवियण हित भणी रे . . . . ए आंकणी)

ठाणांगसूत्र मांहे कह्या , गति नरगना हेतु च्यार
जिहां अशुभ आउखउ लहइ , वेदन रे जीव विविध प्रकार.
॥१८.सां.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अति घणा आरंभ जे करइ , मूर्छित परिग्रहमांहि
परमांस-भक्षण वलि करइ , वध त्रस जीव हो इंद्री पांचाहि.
॥१९.सां

संवेगरस मनमां वस्यउ , गुरुवचन सांभलि चित्त ,
अभिग्रह लीधउ एहवो , न करुं वध हो पर आप निमित्त.
॥२०.सां

तिण समई तिहां किण प्रगटीयो , कल्पांत सम दुकाल ,
हाहाकार हियउ तिहां , माल मुलक तिहां खाधा ततकाल.
॥२१.सां

छठा अरउ सरिखउ थयउ , जन करई मांसनउ भक्ष ,
प्रेम-भाव सहु माठा पड्या , जाणे माणस हो राक्षस परतक्ष.
॥२२.सां

एहवइ घरणी इम भणइ , निज कुटुंब मेटी भूत ,
खंजनी परि बईसी रह्यो , पालिस किम हो घरना पूत.
॥२३.सां

उद्यम विना किम चालिस्य ई , आजीविका सुणि कंत ,
सरवर तटइ जइ माछला , लेइ आवउ हो खावां निश्चित.
॥२४.सां

एहवा वयण सुणी करी , बोल्यउ तिहां ततकाल ,
परजीव आतम सम अछई , तिण न करुं हो हिंसा विकराल.
॥२५.सां

प्रियु तणा वचन सुणी करी , बोली प्रिया तब वयण ,
वंच्यउ तुमइ रे वरतीये , धूतारा रे ते नहीं तुझ सयण.
॥२६.सां

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ए कुटुंब दीन दयामणउ , देखी कृपा नहीं कांइ ,
भोजन विना किम प्राणनी , धरवानी हो सद्दहणा थाइ.
॥२७.सां.

अहम प्राण छुटइ वल्लहा , किम लाज रहिस्यइ तुझ ,
मुहडउ दिखाडिस लोकमां , किम करिनइ हों ते कहि तु मुझ.
॥२८.सां.

भरतार कथन करई नही , आग्रह कीयो प्रिया जोर ,
शाला कहइ तटकी तबई , माणस छई हो तुं अथवा ढोर.
॥२९.सां.

ते स्वजन नउ प्रेर्यउ थकउ , द्रह गयउ जलनइ तीर ,
मीन ग्रहण ऊंडई जल तिहां जान नाखइ हो धीवर जिम वीर.
॥३०.सां.

नदीयां मिलइ जीम एकठी , भर समुद्र सिंधु मझार ,
तिम जालमांहि आवी पडई , तडफडता हो मच्छ लाख हजार.
॥३१.सां.

मनमांहि अनुकंपा वसई , परतक्ष देखी पाप
विण भोगव्या छुटई नहीं , जीम पामइ हो भव भाव संताप.
॥३२.सां.

ततकाल जलमांहि नांखीया , दुक्खीया देखी मछ ,
निज कुटुंब सुखनइ कारणइ , ए कारिज हो किम किजइ तुच्छ.
॥३३.सां.

## दूहा

पाछउ फिरि आयवउ घरे , तिणि दिन संध्याकाल ,
बीजइ दिन प्रेर्यउ थकउ , चाल्यउ लेइ जाल. ॥३४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनुकंपा वसि ऊभउ द्रहनई कुल
स्वजन कुटुंब अनेक कहउ पीण हिंसा दुख मूल. ॥३५

वाधइ व्याधि कुपथ्यनी दुख पामइ जिम जीव
तिम हिंसा करी आतमा परभवि पाडइ रीव. ॥३६

इम चींतवि आव्यउ फरी त्रीजइ दिनि गयउ जाम
जात पड्या मच्छ काढतां मुडी पाख इक ताम. ॥३७

आव्यउ घरे ऊतावलउ तिहां तोडी मच्छ–जाल ,
कुण देखइ दुख नरकना परिजन काजइ आल. ॥३८

सीख करी सहु कुटुंबसु अणसण कीधउ सुनंद
आऊखउ पूरी कीयो पालो धरम अमंद. ॥३९

## ढाल–४

(चूडलइ जोवन जिलि रहीयो , एहनी)

तिहांथी चविनइ ऊपनो देश मगध सुखकार ,
राजगृह नामइ भलो पत्तन भरत मझार. ॥४०

ए फल देखउ धरमनउ पाम्यउ छइ परलोक ,
धरम थकी सुख संपनउ हरि गयउ दुख सोक. ॥४१

ए फल देख उ धरम नउ , ए आंकणी.

राजा राज करइ तिहां नामइ श्रीनरवर्म्म
तेजइ करि दिनकर समउ भाजि गयउ असि भर्म्म. ॥४२.ए०

वसइ तिहां व्यवहारीया धनवंत सगला लोक
इहक आवइ याचिवा आपइ सगला थोक. ॥४३.ए०

एक तिहां व्यवहारीयउ नाम अछई मणिकार ,
मणि माणिक सोना तणउ नहि को तेहनई पार. ॥४४.ए०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

घरि घरिणी छइ तेहनइ सुयशा नाम अनुप
विस्तरीयउ यश जेहनउ परिमल कुशम सरुप. ॥४५.ए०

आवी तसु कुक्षि उपनउ, उत्तम जीव सुनंद
संपूरण दिवसे थए जनम्यउ पूनिम-चंद. ॥४६.ए०

कुटुंब सहु मेली करी, दामन्नक नाम दीध
माबापना मन हरखीयां मंगल कारिज कीथ. ॥४७.ए०

चंदकला जिम दिन प्रतइ अनुक्रमि वाधउ बाल,
पिता मनोरथ पूरतउ लोचन भाल विशाल. ॥४८.ए०

हुयउ वस्तर आठनउ थयउ कलान उधार
प्रगटी तेहवइ तेहनइ घरे भयंकर मारि. ॥४९.ए०

खबर थइ दरबारमां राजा सांभली वात
वृत्ति करउ एहनइ घरे न हुवइ लोकनउ घात. ॥५०.ए०

## दूहा

मात पिता बांधव सहु सगा-सयण कुटुंब
अनुक्रमि क्षय पाम्या तदा जिम दूरवातइ अंब. ॥५१.ए०

रह्यउ दामन्नक एकलउ पूरव पुण्य प्रभाव
कुंकर कृत विवरइ करी नाठउ देखी दाव ॥५२.ए०

## ढाल-५
(पारधियानी)

हिव पुरमां भमतउ थकउ रे, भूख करी पीडाय रे बालक ते,
धरि धरि भिक्षा मांगता रे त्रिपति दुहेली थाय रे बालक ते. ॥५३

तुम्हे जोवउ रे जोवउ अचरिज एह, बालक ते
पूरव पुन्य तणइ उदइ लहीयइ लाछि अछेह रे. .बा० ॥५४

शेठ एक तिहां किण वसइ रे , सागरपोत समृद्ध रे , बा०
आस्या घरिनइ आवीयउ रे , देखी मंदिर वृद्ध रे , बा०
॥५५. तु०

तिण अवसर तिहां विहरता रे , धरता धूनउ ध्यान रे , बा०
करइ अभिग्रह नवनवा रे , चाढइ संयम-वान रे , बा०
॥५६. तु०

मुनिवर बेहु गोचरी रे , आवइ सेठ-दुवार रे , बा०
वृद्ध कहइ लघुसाधुनइ रे , सामुद्रक अनुसार रे , बा०
॥५७. तु०

ए घरनउ पति ए हुस्यइ रे , बालक थयउ युवान रे , बा०
एक भीतिनइ अंतर रे , सेठ सुणी व्रात कान रे , बा०
॥५८. तु०

वज्राहत सम ते थयउ रे , मनमां धरीय विषाद रे , बा०
कष्ट करी धन अर्जीयउ रे , भोगवस्यइ कांइ स्वाद रे , बा०
॥५९. तु०

चारित्रीयइ बोल्यउ तिको रे , सत्यवचन नहीं जूठ रे , बा०
तउ हिव मनमां चींतवइ रे , एहनइ करुं अदीठ रे , बा०
॥६०. तु०

बीज बल्यां किम होइसी रे , अंकुरनी उत्पत्ति रे , बा०
एह विचार चित चींतवइ रे , पाडु तासु विपत्ति रे , बा०
॥६१. तु०

मोदक सखरउ आपिनइ रे , भोलवइ सागर बाल रे , बा०
सइघउ कर्यउ चंडालनइ रे , पाडइ ते तकाल रे , बा०
॥६२. तु०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मातंग एक वसइ तिहां रे , खंगिल तेहनउ नाम रे , बा०
मुह मांग्यउ द्रव्य आपिनइ रे , कहइ करि माहरउ काम रे , बा०
॥६३. तु०

## दूहा

ल्यइ लाहो लखिमी तणो विलसइ भोग संयोग ,
पूरइ वंछित आपणा जन्मांतर पुन्य योग.
॥६४. तु०

ए बालकनउ वध करी रे , ले आवे अहिनाण रे , बा०
इम कहीनउ घरि आवियउ रे , सागरपोत सुजाण , बा०
॥६५. तु०

## ढाल-६

खंगिल तिहांथी नीकलइ रे , बालकनइ ले साथि, सुणज्यो प्राणि ,
हणवानी बुद्धइ करी रे , खड्ग लीयो निज हाथि सुणज्यो प्राणि.
भावी ते तउ सही होय टली सकइ नहीं कोय ,
पामइ जीव कीया निज कर्म , सु० . . . . . . . आंकणी. ॥६६

नयण देखी बालनइ रे , ऊपनी करुणा चित्त , सु०
विण अपराधइ किम हणुं रे , सेठ तणउ ले वित्त. ॥६७. सु०

ए बालइ एहनो किसुं रे , विणसाड्यउ कोइ काज , सु०
कोमलतनुं कंचनसमउ रे , एहनइ किम हणुं आज. ॥६८. सु०

मो हुंती पापी नही रे , अवर अधम इण काज , सु०
परधनलोलुप हुं थइ रे , बालक कां हणुं आज. ॥६९. सु०

ए करम करिवा भणी रे , उद्यत हुं थयउ मुढ , सु०
बालहत्या नउ ते भणी रे , पाप करुं किम गुढ.
॥७०. सु०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीवउ बालक बापडउ रे , ल्युं विण धन ए पाशि , सु०
वींटी छेदी आंगुली रे , बालक नइ कहइ नाशि.
॥७१. सु०

नाठउ वचन सुणी करी रे , थरहर ध्रुजइ तेह , सु०
नयण देखी सीहनइ रे , नासइ मृगजीव लेह.
॥७२. सु०

सागरपोतनइ गोकुलइ रे , ततखणि पुहतो सोय , सु०
सुनंद नाम गोकुलतणउ रे , अधिपति तिहां किण जोय.
॥७३. सु०

सौम्य मूरति शिशु निरखिनइ रे , हरख्यउ सुनंद सुभचित्ति , सु०
राख्यउ पुत्रपणइ करी रे , सुंप्यउ गोकुल वित्त
॥७४. सु०

अनुक्रमि ते मोटउ थयउ रे , वधइ जंद(?) जयु नित्र , सु०
यौवनवय पाम्यउ तिहां रे , अधिक पितानउ हित्र.
॥७५. सु०

हिव पूठइ चंडाल लइ रे , अंगुलिनउ अहिनाण , सु०
सागर देखी खुसी थयउ रे , हिव जीवित परमाण. ॥७६. सु०

## दूहा

सागर जायइ अन्यदा गोकुल देखण काजि
देखइ दामन्नक प्रतइ तिहां कण सरखइ साजि. ॥७७

छेदी अंगुलि देखिनइ देखी सुंदर गात
पूछइ सागर नंदनइ तब कहइ वीतक वात. ॥७८

सुणी सेठ मनि चींतवइ मुनि भाखी जे वाच
बाह्य विभव स्वामी थयउ तउ सही थास्यइ साच. ॥७९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तव हिव उभगवउ नहीं — करिवउ कोइ उपाय
उधम कीधइ सर्वथा — कारिज-सिद्धि जि थाय. ॥८०.

## ढाल-७

(कपुर हुवइ अति उजलउ रे, एहनी)

मनसुं एम विचारिनइ रे, — सेठ चाल्यउ तिण वार,
पाछउ राजगृह भणी रे, — धरतउ देख अपार रे.
मानव देखउ कर्म सरुप, — इणवसि छइ रंक भूपरे आंकणी
॥८१. मा० देख०

हिवइ नंद कहइ तुम्हे रे, — उतावला किण हेत,
सेठ कहइ इक काम छइ रे, — किण हीस्युं संकेत रे,
॥८२. मा० दे०

बइसउ स्वामी इहां तुम्हे रे, — मुझ पुत्र मूंकउ एह,
लेख लिखी आपइ तिहां रे, — चाल्य उ सेठनंइ गेह रे,
॥८३. मा० दे०

राजगृह उद्यानमइ रे, — कामदेव प्रसाद,
वीसामउ तिहांकिण लीयउ रे, — थाकउ पंथ विषाद रे,
॥८४. मा० दे०

सूतउ तिहांकिण देहरइ रे, — रूप-पुरंदर सोय,
तेहवइ आवइ कन्यका रे, — जाणे अपछर होय रे,
॥८५. मा० दे०

सागरशेठनी ते सुता रे, — नाम विषा छइ लास,
पूजी प्रतिमा दिन प्रतइ रे, — मांगइ वर धउ खास रे,
॥८६. मा० दे०

Jain Education International — For Private & Personal Use Only — www.jainelibrary.org

तेहवइ देखी तिहांकिणइ रे , दामन्नक गुणवंत ,
सूतउ भरनिंद्रा वसइ रे , मनमोहन दीसंत रे ,
॥८७. मा० दे०

मुद्रित कागल तातनउ रे , बाला देखी पासि ,
लेख वांचइ सुंदरी रे , प्रगट वचन परकाशि रे ,
॥८८. मा० दे०

स्वस्ति श्री गोकुल थकी रे , श्रेष्ठी सागरपोत ,
समुद्रदत्त सुतनई लिखई रे , इणि वातइ सुख होत रे ,
॥८९. मा० दे०

विष देज्यो नर ए भणी रे , वांची लेख तुरत ,
रखे विलंब करउ इहां रे , वात राखेज्यो चित्त रे ,
॥९०. मा० दे०

वांची ते पत्र शेठ-पुत्रिका रे , अंजन शलाका लेइ ,
विष शब्दइ कानो दीयउ रे , देज्यो विषा . . . . . . . .
॥९१. मा० दे०

कागल बीडी तातनउ रे , मूकी ठामो ठामि
हरख धरी आवी घरे रे , भाग्यई थास्यई काम रे ,
॥९२. मा० दे०

दूहा

सूतउ ऊठी सज थई , आवइ नगर मझार ,
आपई सागरपुत्रनइ ते कागल तिणवार. ॥९३

समाचार वांची करी , तेड्याव्या बहु विप्र
तिणहिज दीनरउ थापयीउ लगन गोधुलक क्षिप्र. ॥९४

## ढाल-८

(कहियुं किहांथी आवीयउ रे लाल , एहनी)

समुद्रदत्त हरखइ करे ले लो , करइ वीवाह मंडाण रे , सोभागी.
आरिम कारिम सहु कीया रे लो , काज चढ्यउ परमाण रे , सोभागी.
॥९५.

दामन्नक परणइ तिहां रे लो , पुण्यइ परमाण रे सो०
गोरी गावइ सोहला रे लो , कोकिल कंठवणाव रे सो०
॥९६. दा०

इण अवसरि गोकुल सुणी रे लो , विवाह केरी वात रे सो०
सागरपोतइ जन-मुंखई रे लोल , खेद धरइ बहु भात रे सो०
॥९७. दा०

मइ अनेरउ चीतव्यउ रे लो , थययउ अनेरउ काम , सो०
लहणइथी दयणइ पड्या रे लो , थयइ किम आराम रे. सो०
॥९८. दा०

दाय उपाय करीसुं वली रे लो , करस्युं एहनउ घातउ रे सो०
बेटीनउ दुख अवगणी रे लो , मारणरी करइ वात रे सो०
॥९९. दा०

रौद्र-ध्यान धरतउ थकउ रे लो , आवइ खंगिल गेहरे सो०
मारा मारी तुं ए सही रे लो , मुंह माग्यउ द्रव्य लेह रे सो०
॥१००. दा०

पहिली मुझनइ भोलव्यउ रे लो , देखाडी अहिनाण रे सो०
तिण परितुं हिव मत करे रे लो , हरज्ये एहना प्राण रे सो०
॥१०१. दा०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खंगिल बोल्यउ ततखिणइ रे लो , ते मुज दृष्टिए दिखाडी रे सो०
फलइ मनोरथ ताहरा रे लो , मारुं तेह पछाडि रे सो०
॥१०२. दा०

संकेत मारण करउ करी रे लो , देवी दहेरामांहि रे सो०
घरि आव्यउ ऊतावलउ रे लो , धरतउ मनि उछाहि रे सो०
॥१०३. दा०

परण्या देखी बेहुनइ रे लो , बोलइ शेठ वचन्न रे सो०
कुलदेवी पूज्या विना रे लो , नही पामइ सुख तन्न रे सो०
॥१०४. दा०

एम कही शेठ ऊठीयउ रे लो , भरीय चंगेरी फुल रे सो०
रवि आथमतइ चालीया रे लो , करज्यो पूज अमूल रे सो०
॥१०५. दा०

अर्चा ऊपगरण ल्येउ तुम्हे रे लो , वल्लभ अस्त्री साथि रे सो०
सागरपुत्र दीठा तिण समइ रे लो , पूछइ झाली हाथ रे सो०
॥१०६. दा०

जास्युं देवी देहरइ रे लो , करवा पूज रसाल रे सो०
पूज अवसर तुम्ह नही रे लो , वीभक्त संध्याकाल रे सो०
॥१०७. दा०

हुं जाइसि बइसिउ तुम्ह रे लो , ऊपगरण आपउ मुह्य(ज्ज) रे लो०
नवपरणीत जास्यउ किहां रे लो , मनमां आणउ वज्ज रे सो०
॥१०८. दा०

## दूहा

उपगरण लेइ चालीयउ भगनी-पति बइसारि
पूजा करीवा आवीयउ देवीय तणइ दुवारि ॥१०९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दहेरामांहे पइसता खडागइ छेदाउ सीस ,
खंगिल जाण्यउ मों भणी हिव करिस्यई बगसीस ॥११०

## ढाल-९

(केकइ वर मांगइ , एहनी)

पुत्र-मरण दुसह सुणी सेठ छोड्या प्राण तुरत रे ,
भाग्य जाग्यउ पणमइ
जे परनर विरूपउ चींतवइ ते पातइ पामइ झसि
भाग्य जाग्यउ पलमइ ॥१११

एह वात राजा सुणी , तेडइ दामन्नक निज पास रे , भा०
कीधउ सेठनउ गृहपति , हिव भोगवइ लीलविलास रे भा०
॥११२. भा०

अनाबाध साधइ सदा , पुरषारथ तीने नित्त रे , भा०
धरम अहोनिसि आदरइ मुख बोलइ भाषा सत्य रे भा०
॥११३. भा०

न करइ खल संगति कहे दातार न शंकारइ संग रे , भा०
पडिलाभइ मुनि सुधउ आहार वसन मनरंग रे भा०
॥११४. भा०

सगुरु समीपइ सांभलइ सिधांततणा सुविचार रे , भा०
दीन दुखी जन्मउ धरइ अनेक करइ उपगार रे भा०
॥११५. भा०

इम उत्तमि मारगि चालतां एक दिन इक भट्ट सुजाण रे , भा०
आवि भणइ गाथाइ इसी , तिण रंज्यउ सुणउ प्रमाण रे भा०
॥११६. भा०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| यथा- | गाथा |
| --- | --- |
| अणुपुंखमावहंता आवया | तस्स संपया हुंति । |
| सहु-दुक्खच्छपडओ जस्स | कयंतो वहइ पक्खं ॥११७ |
| गाथा अरथ विचारिनइ | आपवीतग वात जाणी रे , भा० |
| लक्ष तीन दिनार दे भलुं , | भाख्युं मनसुं सुहात रे भा० ॥११८ |
| सकल नगरलोके कह्यउ | राजानइ एह वृत्तान्त रे , भा० |
| विलसइ ए धन पारकउ | तिण आपीइ मनुज अचीत रे भा० ॥११९ |
| तेडावइ नृप शेठनइ | मूंकीनइ अनुचर एग रे , भा० |
| एतलउ दान किम आपीयउ | कहउ शेठ तुम्हे वडवेग रे भा० ॥१२० |
| कहइ वृत्तान्त ते तिण समइ | मूल थकी आप वात रे , भा० |
| सांभलि राजा इम भणइ | तोसुं थइ माहरउ हित रे भा० ॥१२१ |
| पूख पुण्य प्रभावथी , | कीधउ नगरी केरउ आधक्ष रे , भा० |
| सहकउ मानइ तेहनइ | देखउ धरमना फल परतक्ष रे भा० ॥१२२ |
| इण अवसरि गुरु आवीया , | विहरंता देस परदेस रे , भा० |
| दामन्नक आवी कहइ | संभलावउ प्रभुजी देस रे भा० ॥१२३ |
| मुनिवर दीधी देसना | प्रतिबुधउ तेण तिणवार रे , भा० |
| जैन धरम तिहां पडवज्यउ | पालइ ते निरतीच्चार रे भा० ॥१२४ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दूहा

पूरण पाली अउखउ हुयउ महर्धिक दे रे ,
वलि नरभव पामी करी , करिस्यइ जिन ध्रम सेव रे. ॥१२५

दीक्षा लेइ अनुक्रमइ पामी केवलनाण
प्रतिबोधी बहु भविजन लहिस्यइ पूनिरवाण ॥१२६

## ढाल-१०

(भरतनृप भावसुं ओ , एहनी . .)

विरति तणा फल इम सुणीए , दामन्नक कुलपुत्र विरति धरम आदर
श्रीजिनवर इम उपदेश्यो ए , फल पचक्खाण वस्त्र वि०
॥१२७

ए संबंध वखाणीयउ ए , वृत्ति आवश्यकमांहि , वि०
तिणयी एनइ ए दाखव्यउ ए , मनमां धरीय उच्छाहि. वि०
॥१२८

तुं छउ अधिकउ जे कह्यउ ए , मिच्छामि दुक्कखडताम् , वि०
जिण कारण छदमस्तनउ ए , चंचल वचन विलास. वि०
॥१२९

श्रीखरतरगच्छ दिनकरु ए युगवर श्री**जिनचंद्र** , वि०
रीहड वसइ परगडउ ए जिण प्रतिबोध्या नरेंद्र. वि०
॥१३०

तासु सीस **मतिसर** गुरु ए पुन्य प्रधान उवझाय , वि०
तसु शिष्य **सुमतिसागर** भला ए , पाठक पंडितराय. वि०
॥१३१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**साधुरंग** वाचकवरु ए सकल शास्त्र प्रवीण , वि०
तासु सीस जगि जाणीय ए पाठक **श्रीराजसार**. वि०
॥१३२

तासु सीस इणपरि भणई **ज्ञानधरम** हितकार , वि०
**सतरइसइ पइत्रीस समइए** , विजयदशमि रविवार. वि०
॥१३३

शांतिनाथ सुप्रसादथी रचीयउ ए अधिकार , वि०
राजइ **धर्मसूरिंद**नइ ए , रचीया खंभात मजार. वि०
॥१३४

भवियण भणतां सुख लहइ ए , सुणतां कान पवित्र , वि०
अधिकारइ पचकाणने , दामन्नकचरित्र. वि०
॥१३५

वीरत करो गुरुमुख विधे ए , धरि छंडी आगार , वि०
भंगा गुण पंचाससू ए , तुं सिद्धि पलणहार. वि०
॥१३६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# कठिन शब्दार्थ

(कौंसमां आपेल प्रथम अंक कडी क्रमांक अने बीजो अंक चरणनो क्रम दर्शावे छे.)

अउखउ (१२५,१) आयुष्य
अदीठ (६०,४) अदृश्य करवुं, मारी नाखवुं
अनाबाध (१३१,१) मुश्केली (बाध) वगर
अपछरा (८५,४) अप्सरा, परी
अर्जीयउ (५९,३) कमावुं, रळवुं
अरउ (२२,१) आरो (जैन धर्ममां काळना छ भाग पाडी दरेक भागने आरो कहे छे)
असि (४२,४) तलवार
अहिनाण (७६,२) निशानी, ओळख चिह्न
अंब (५१,४) आंबो
आऊखउ (१८,३) आयुष्य
आधक्ष (१२२,२) अध्यक्ष, नगरशेठ
आस्या (५५,३) आशा
उच्छाह (१२८,४) उत्साह, उमंग
उछाहि (१०३,४) आनंद, हर्ष
कल्पांत (२१,२) प्रलय
कारिज (८०,४) कार्य
कुंकर (५२,३) कुतरा
खंजनी (२३,३३) ढोलियो, एक प्रकारनुं बेसवानुं आसन
गात (७८,२) गात्र, अंग
गेह (८३,४) गृह, घर
गोधुलक (९४,४) गोरजनो समय
चंगेरी (१०५,२) फुलदानी
झति (१११,४) झडपथी, त्वराथी
त्रिपति (५३,४) तृप्ति
दह (३०,२) झरणु
दुरवातई (५१,४) खराब पवनथी
दुहेली (५३,४) मुश्केलीथी
दीनरउ (९४,३) दिवस
ध्रम (१२५,४) धर्म
पडवज्यउ (१२४,३) स्वीकार करेलुं , कबुल करेलुं
परगडउ (१३०,३) प्रगटवुं
पुरंदर (८५,२) इंद्र
बगसीस (११०,४) बक्षिस
मुडी (३७,४) तुटवुं , कापवुं
मुढ (७०,२) मूर्ख, गमार
मेटी (२३,२) मोटी
रंज्यउ (११६,४) आनंदित थवुं, खुश थवुं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रीव (३६,४) चीस, पोकार
रीहड (१३०,३) एक गच्छनुं नाम
लाछि (५४,४) लक्ष्मी
वडवेग (१२०,४) झडपथी, मोटेथी
वरतीये (२६,३) व्रतधारण करनार, साधु
वस्तार (४९,१) वरस
वंच्यउ (२६,३) छेतरवुं, भरमाववुं
वाधउ (४८,२) मोटु थवुं, विकसवुं
विणसाड्यउ (६८,२) नुकसान करवुं
विलसइ (११९,३) वेडफवुं, दुर्व्यय करवो
विवरइ (५२,३) छींडुं, बखोल
विस्तरीयउ (४५,३) फेलावुं, प्रसरवुं
वीभक्त (१०७,४) वहेंचायेलुं आकाश
(दिवस अने रात वच्चे)
व्यवहारीयउ (४४,१) वेपारी
सइधउ (६२,३) संधि
सखरउ (६२,१) साकर, खांड
सयण (५१,२) स्वजन
संवेग (२०,१) मोक्षनी अभिलाषा
सीख (३९,१) विदाय
सोहला (९६,३) मंगळगीतो, लग्नगीतो

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org